# ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
# ગાંધીનગર

ફરિયાદી:- શિવ ઈન્ફ્રા, જગદીશ પટેલ

સામાવાળા :- શ્રી સધીકૃપા એસોસિએટસ, અમદાવાદ.

પ્રોજેક્ટ : વૃંદાવન પર્લ-૨

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : હર્ષ મહેતા.

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પંકજ નાયક, પ્રમોટર.

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧)

ફરિયાદનં :- CMP/AHMEDABAD/190131/0044

## હુકમ

તા.૧૬/03/૨૦૧૯

૧.૦ ફરિયાદીની ફરિયાદની વિગત નીચે મુજબ છે.

૧.૧ ફરિયાદીએ જણાવેલ છે કે સામાવાળાએ તેમના પ્રોજેક્ટ વૃંદાવન પર્લ-૨ નું બાંધકામ શરૂ કરેલ છે. જે બાંધકામ ફરિયાદીના પ્લોટની માર્જિનની જગ્યામાં ખોટી રીતે બતાવીને શરૂ કરેલ છે. જેથી પ્રોજેક્ટનું બાંધકામ અટકાવવામાં આવે અને પ્રમોટરને તેમના પ્લોટમાં દબાણ કરતાં અટકાવવામાં આવે તેવી માંગણી કરેલ છે. ફરિયાદીએ તેમની ફરિયાદની સાથે આ બાબતે મ્યુ.કમિશ્નરશ્રી, અમદાવાદને તા.૨૯/૧૨/૨૦૧૮

ના રોજ કરેલ અરજીની નકલ તથા તેની સાથેના સંલગ્ન બિડાણોની નકલ સામેલ રાખેલ છે.

૨.૦ ફરિયાદીની ફરિયાદના અનુસંધાને બન્નેને રૂબરૂમાં સુનાવણી અર્થે બોલાવવામાં આવેલ.

૩.૦ ફરિયાદીના દસ્તાવેજ તથા સુનાવણીને અંતે જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદ માર્જિન અંગેની છે. તથા સામાવાળા દ્વારા ફરિયાદીની હદમાં બાંધકામ શરૂ કર્યા બાબતની છે. આ બાબત ગુજરેરા ઓથોરિટીના કાર્યક્ષેત્ર બહારની જણાવેલ છે. વળી ફરિયાદી સામાવાળાના પ્રોજેક્ટમાં "Aggrieved Person" જણાતાં નથી.

હુકમ

ફરિયાદીની ફરિયાદ ગુજરેરા ઓથોરિટીના કાર્યક્ષેત્ર બહારની હોઈ તથા ફરિયાદી રેરા એક્ટ-૨૦૧૬ ની "કલમ-૩૧" મુજબ "Aggrieved Person" ન હોઈ, ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૦૬/૩/૧૮

મેમ્બર-૧